# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 30/07/2025** **Morning : 7.10 to 7.20**
**Day : WEDNESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

1. **ઉદ્યોગમંત્રી બળવંતસિંહ રાજપૂતે કહ્યું , ભારત-બ્રિટન વચ્ચે મુક્ત વેપાર કરારથી રાજ્યના ઉદ્યોગ અને નિકાસકારોને ઘણો લાભ થશે.**
2. **ખોરાક અને ઔષધ નિયમન તંત્રએ ચાર શહેરમાંથી 17 લાખ રૂપિયાની કિંમતની બનાવટી દવાઓ જપ્ત કરી.**
3. **ગાંધીનગરમાં આજે રાજ્ય મંત્રીમંડળની બેઠકમાં નીતિવિષયક નિર્ણયો અંગે ચર્ચા કરાશે.**
4. **વડોદરામાં જન્મેલા પ્રખ્યાત અર્થશાસ્ત્રી અને બ્રિટનના હાઉસ ઑફ લૉર્ડ્સના સભ્ય મેઘનાદ દેસાઈનું 85 વર્ષની વયે અવસાન.**
5. **રાજ્યના 95 તાલુકામાં હળવો વરસાદ – આજે દક્ષિણ અને મધ્ય ગુજરાતના કેટલાક જિલ્લામાં ભારે વરસાદની આગાહી.**

---------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# BALVANT SINH GCCI

રાજ્યના ઉદ્યોગ મંત્રી બળવંતસિંહ રાજપૂતે કહ્યું , ભારત અને બ્રિટન વચ્ચે થયેલા **C.E.T.A.** એટલે કે , વ્યાપક મુક્ત વેપાર કરાર થકી રાજ્યના પ્લાસ્ટિક , કાપડ, રસાયણ વગેરે જેવા ઉદ્યોગો તેમજ નિકાસકારોને ઘણો લાભ થશે. રાજ્ય સરકારના ઉદ્યોગ વિભાગ, વિદેશ વેપાર મહા-નિર્દેશાલય તથા ગુજરાત વેપાર અને ઉદ્યોગ મહામંડળ **G.C.C.I.**ના સંયુક્ત ઉપક્રમે યોજાયેલા સેમિનારને સંબોધતા તેમણે આ વાત કહી.

શ્રી રાજપૂતે ફૂડપાર્ક માટેના સમજૂતી કરાર અંગે વાત કરી અને લૉજિસ્ટિક ખર્ચ ઘટાડવા સરકારના પગલાં વિશે માહિતી આપી.

## (BYTE: BALVANTSINH RAJPUT, INDUSTRIES MINISTER)

આ પ્રસંગે **G.C.C.I.**ના પ્રમુખ સંદીપ એન્જિનિયરે આ કરારને બ્રિટન સાથે ભારતના જોડાણમાં એક મહત્વપૂર્ણ સીમાચિહ્ન ગણાવ્યું અને તેમણે ભારત દ્વારા બ્રિટનમાં થતી 99 ટકા નિકાસ માટે અભૂતપૂર્વ ડ્યુટીમુક્ત ઍક્સેસ પર ખાસ ભાર મૂક્યો.

તેમણે ઉમેર્યું, તે વેપાર મૂલ્યના અંદાજે 100 ટકાને આવરી લેશે અને તેના થકી કાપડ, દરિયાઈ ઉત્પાદનો, લેદર, ફૂટવૅર, રમતગમતના સામાન, રમકડાં, રત્નો અને ઘરેણાં વગેરે વિવિધ ઉદ્યોગ માટે નિકાસની અનેક નવી તકનું સર્જન થશે.

---

# ALLOPATHY MEDICINES

**F.D.C.A.** – ખોરાક અને ઔષધ નિયમન તંત્ર -એ ચાર શહેરમાં બનાવટી દવાઓ વેચતા લોકો અને આરોગ્ય સંસ્થાઓ પર દરોડા પાડ્યા.

દરમિયાન અમદાવાદ, વડોદરા, સુરત અને રાજકોટમાંથી અંદાજે 17 લાખ રૂપિયાની બનાવટી ઍલોપેથિક દવાઓ જપ્ત કરવામાં આવી. તેમજ 20 દવાના નમૂના ચકાસણી માટે મોકલાયા.

આ અંગે ખોરાક અને ઔષધ નિયમન તંત્રના કમિશનર ડૉક્ટર એચ. જી. કોશિયાએ કહ્યું, આ ચારેય શહેરમાંથી મળેલી બનાવટી દવાઓમાં પ્રાથમિક દ્રષ્ટિએ ચોકનો પાઉડર હોવાનું જણાયું છે. તેમજ પહોંચ વગર 50 ટકા ભાવમાં અન્ય રાજ્યમાંથી રોકડેથી ખરીદી કરી દવાનું બજારમાં વેચાણ થતું હોવાનું બહાર આવ્યું છે. આ અંગે વધુ તપાસ ચાલી રહી છે.

---

# DABAN RAJKOT

રાજકોટ વહીવટી તંત્ર દ્વારા બે કરોડ 43 લાખ રૂપિયાની કિંમતની સરકારી જમીન પરથી ગેરકાયદે દબાણ હટાવાયું.

અમારા પ્રતિનિધિ જણાવે છે, કોટડા-સાંગાણી તાલુકાના પડવલા ગામમાં 11 લોકોએ સરકારી જમીન પર ઔદ્યોગિક અને વાણિજ્ય હેતુસર ગેરકાયદે દબાણ કર્યું હતું. તેને દૂર કરી ત્રણ હજાર 960 ચોરસ મીટર જમીન ખૂલ્લી કરાવવામાં આવી. અગાઉ નૉટિસ અપાઈ છતાં દબાણ દૂર કરાયું નહતું.

---

# CABINE MEETING GNR

ગાંધીનગરમાં આજે સવારે રાજ્ય મંત્રીમંડળની બેઠક યોજાશે. અમારા પ્રતિનિધિ દુર્ગેશ મહેતા જણાવે છે, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં સ્વર્ણિમ્ સંકુલ એક ખાતે યોજાનારી બેઠકમાં વિવિધ મુદ્દા પર ચર્ચા થશે.

દરમિયાન રાજ્યમાં વરસાદની સ્થિતિ તથા માર્ગ અને બ્રિજના સમારકામ માટે મુખ્યમંત્રી કક્ષાએથી અપાયેલા આદેશની સમીક્ષા કરાશે. ઉપરાંત રાજ્યની અન્ય નીતિવિષયક નિર્ણયો અંગે પણ બેઠકમાં ચર્ચા થશે.

---

# SOMNATH SRINGAR

શ્રાવણ માસ સુદ પંચમી નિમિત્તે પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથ મહાદેવને તેમના પરમભક્ત નાગરાજ વાસુકીના રૂપે વિશેષ શ્રૃંગાર અર્પણ કરાયો. શ્રી સોમનાથ જ્યોતિર્લિંગ પર ચંદન તથા બિલિપત્ર વડે વિશેષ કલાત્મક રીતે નાગરાજ વાસુકીની પ્રતિકૃતિ રચવામાં આવી હતી.

---

# MEGHNAD DESAI DIEDIP

ગુજરાતમાં જન્મેલા પ્રખ્યાત અર્થશાસ્ત્રી અને બ્રિટનના હાઉસ ઑફ લોર્ડ્સના સભ્ય મેઘનાદ દેસાઈનું ગઈકાલે 85 વર્ષની વયે અવસાન થયું. તેઓ લંડન સ્કૂલ ઑફ ઇકોનૉમિક્સમાં પ્રતિષ્ઠિત પ્રધ્યાપક હતા , જ્યાં તેમણે વર્ષ 1965થી 2003 સુધી શિક્ષણ આપ્યું.

વર્ષ 1940માં વડોદરામાં જન્મેલા સ્વર્ગીય મેઘનાદ દેસાઈએ બૉમ્બે વિશ્વ-વિદ્યાલયમાંથી અનુસ્નાતકની પદવી મેળવી. ત્યારબાદ વર્ષ 1960માં પેન્સિલવેનિયા વિશ્વ-વિદ્યાલયથી તેમણે Ph.D કર્યું હતું. શ્રી દેસાઈ વૈશ્વિક સ્તરના સન્માનનીય ભારતીય—બ્રિટિશ અર્થશાસ્ત્રી, શિક્ષણવિદ્ અને રાજકીય વિચારક હતા. તેમની કારકિર્દી 60 વર્ષથી વધુ સમયની રહી હતી.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સ્વર્ગીય મેઘનાદ દેસાઈના પરિવાર પ્રત્યે સંવેદના વ્યક્ત કરી. સોશિયલ મીડિયા પરના સંદેશમાં શ્રી મોદીએ લખ્યું , એક પ્રતિષ્ઠિત વિચારક, લેખક અને અર્થશાસ્ત્રી શ્રી મેઘનાદ દેસાઈના અવસાનથી તેઓ દુઃખી છે. શ્રી મેઘનાદ હંમેશા ભારત અને ભારતીય સંસ્કૃતિ સાથે જોડાયેલા રહ્યા. તેમણે ભારત—બ્રિટિશ સંબંધને વધુ મજબૂત બનાવવામાં ભૂમિકા નિભાવી હતી.

ઉલ્લેખનીય છે કે , એક ઉત્કૃષ્ટ લેખક તરીકે તેમણે આઠ પુસ્તક લખી અને 200થી વધુ શૈક્ષણિક પત્ર પ્રકાશિત કર્યા હતા.

---

# WEATHER FORECAST

હવામાન વિભાગે આગામી પાંચ ઑગસ્ટ સુધી રાજ્યમાં વરસાદની આગાહી છે. દરમિયાન આજે પંચમહાલ, દાહોદ, મહીસાગર, છોટા ઉદેપુર, નર્મદા, સુરત, ડાંગ, તાપી, નવસારી, વલસાડ તથા દાદરા અને નગરહવેલીમાં છૂટાછવાયા સ્થળ પર ભારે વરસાદની સંભાવના છે. સાથે જ માછીમારોને પહેલી ઑગસ્ટ સુધી દરિયો ન ખેડવા સૂચના અપાઈ હોવાનું હવામાન ખાતાના નિયામક ડૉક્ટર એ. કે. દાસે જણાવ્યું.

## (BYTE: DR. A. K. DAS, DIRECTOR, IMD AMDAVAD)

દરમિયાન રાજ્યમાં ગઈકાલે રાત્રે આઠ વાગ્યા સુધીમાં 95 તાલુકામાં મધ્યમ વરસાદ નોંધાયો. સૌથી વધુ સવા બે ઈંચ જેટલો વરસાદ વલસાડના કપરાડામાં થયાના અહેવાલ છે. આ સાથે રાજ્યમાં અત્યાર સુધી મોસમનો કુલ સરેરાશ 63 ટકા જેટલો વરસાદ થયો છે.

---

## RAJKOT TRAIN

વાંકાનેર અને મોરબી વચ્ચે ચાલતી તમામ ડેમુ ટ્રેન ટૅક્નિકલ કારણોસર આજના દિવસે રદ રહેશે. રેલવે યાત્રિઓ ફેરફારને ધ્યાનમાં રાખી યાત્રા કરે અને ટ્રેનના સંચાલનને સંબંધિત વધુ માહિતી માટે WWW.ENQUIRY.INDIANRAIL.GOV.IN વેબસાઈટની મુલાકાત લઈ શકે છે એમ સત્તાવાર યાદીમાં જણાવાયું છે.

---

## GUJARAT LOGO COMPETITION

રાજ્ય સરકાર દ્વારા "MYGOV.IN" પ્લેટફૉર્મ પર રાષ્ટ્રીય સ્તરે લોગો ડિઝાઈનની સ્પર્ધા યોજાશે. ગુજરાતની સ્થાપનાના 75 વર્ષની ઉજવણીને લઈ યોજાનારી આ રાષ્ટ્રીય સ્પર્ધામાં જીતનારા સ્પર્ધકને ત્રણ લાખ રૂપિયાનું ઈનામ અપાશે. સ્પર્ધકો આગામી 14 ઑગસ્ટ સુધીમાં "MYGOV.IN" પ્લેટફૉર્મ પર લોગો ડિઝાઈન મોકલી શકશે.

સ્પર્ધાના માધ્યમથી નાગરિકો રાજ્યના વારસા , પરંપરા અને સંસ્કૃતિ સાથે જોડાઈ શકશે. વિજેતા લોગો **Gujarat-@-75** માટે આગવી ઓળખ બની રહેશે. ત્યારે ગુજરાત- @-75 વાઇબ્રન્ટ હેરિટેજ , વિઝનરી ફ્યૂચરની વિષયવસ્તુ સાથે આયોજિત ગુજરાત- @-75 લોગો સ્પર્ધામાં લોકોને સહભાગી થવા રાજ્ય સરકાર દ્વારા અનુરોધ કરાયો છે.

---

# CHESS PLAYER SHUBHECCHA

વડોદરાના માંજલપુર વિસ્તારમાં રહેતાં ચાર વર્ષનાં અનન્યા ઐયરે બેંગાલુરુ ચેસ ઓપન ટૂર્નામેન્ટમાં ઉત્તમ પ્રદર્શન કર્યું. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ ખેલાડીની પ્રશંસા કરી તેમને શુભેચ્છાઓ પાઠવી છે.

મુખ્યમંત્રીએ તેમના પત્રમાં લખ્યું, સાડા ત્રણ વર્ષની વયે અનન્યા ઐયરે ચેસ રમવાનું શરૂ કર્યું ત્યારથી અત્યાર સુધીમાં તેમણે બે રાષ્ટ્રીય અને એક આંતર-રાષ્ટ્રીય ટૂર્નામેન્ટમાં ભાગ લીધો એ સરાહનીય છે.

ઉલ્લેખનીય છે કે , કોરામંગલા ઇન્ડોર સ્ટેડિયમમાં યોજાયેલી બેંગાલુરુ ચેસ ઓપન ટૂર્નામેન્ટમાં ભારત સહિત 11 દેશમાંથી બે હજારથી વધુ ખેલાડીએ ભાગ લીધો હતો.

---

# CM GANDHINAGAR

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જિલ્લા અને તાલુકા વહીવટી તંત્રને લોકોને ગુણવત્તાસભર કામ પૂરું પાડવાની જવાબદારી નિભાવવા જણાવ્યું. ગાંધીનગરમાં સંપૂર્ણતા અભિયાન સન્માન સમારોહમાં ગઈકાલે શ્રી પટેલે આ વાત કહી.

તેમણે રાજ્યના તમામ જિલ્લા અને તાલુકાઓનું સંપૂર્ણતા અભિયાન સન્માન સમારોહમાં સન્માન થાય તેવા અને 100 ટકા લાભાર્થી લક્ષ્યાંક સિદ્ધ કરવા પણ આહ્વાન કર્યું.

શ્રી પટેલે રાજ્યના મહત્વાકાંક્ષી જિલ્લા અને તાલુકાઓને સુવર્ણ , રજત, અને કાંસ્ય એમ કુલ 13 ચંદ્રક પણ એનાયત કર્યા. તેમણે 10 જિલ્લામાં 'આકાંક્ષા હાટ'નું ઈ-લોકાર્પણ કર્યું. આ હાટ થકી 'વૉકલ ફોર લૉકલ 'ને વધુ વેગવાન બનાવવા જિલ્લાની સ્થાનિક અને વિશેષ બનાવટોને પ્રદર્શિત કરાશે.

---